# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 25-01-2025** **Morning: 7.45 TO 7.55**
**Day : SATURDAY** **National News**

### આકાશવાણી સમાચાર રિદ્ધિ ઉંધાડ વાંચે છે.

*****************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ પ્રજાસતાક પર્વની પૂર્વ સંધ્યાએ આજે રાષ્ટ્રને સંબોધિત કરશે.

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપ્રમુખ પ્રબોવો સુબિયાન્ટો સાથે સંવાદ કરશે.

3) વિશ્વ આર્થિક મંચમાં કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે, વિશ્વાસ અને પ્રતિભા પરિબળો વિશ્વને ભારત તરફ આકર્ષિત કરે છે.

4) દેશભરમાં આજે 15મો રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી.

5) ભારતીય ગ્રાન્ડ માસ્ટર ઈનિયન પનીરસેલ્વમે મલેશિયામાં નવમી જોહર આતંર-રાષ્ટ્રીય ઓપન ચેસ સ્પર્ધાનો ખિતાબ જીત્યો.

***************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PREZ-ADDRESS TO NATION

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ પ્રજાસતાક દિવસની પૂર્વ સંધ્યાએ આજે રાષ્ટ્રને સંબોધિત કરશે. આ સંબોધનનું આકાશવાણીના સમગ્ર રાષ્ટ્રીય નેટવર્ક પર સાંજે 7 વાગ્યાથી અને દૂરદર્શનની તમામ ચેનલો પર હિન્દીમાં અને ત્યારબાદ અંગ્રેજીમાં પ્રસારિત કરવામાં આવશે. દૂરદર્શન પર હિન્દી અને અંગ્રેજીમાં સંબોધનના પ્રસારણ પછી દૂરદર્શનની પ્રાદેશિક ચેનલો દ્વારા પ્રાદેશિક ભાષાઓમાં પ્રસારણ કરવામાં આવશે. આકાશવાણી તેના પ્રાદેશિક નેટવર્ક્સ પર રાત્રે 9.30 વાગ્યાથી પ્રાદેશિક ભાષાના સંસ્કરણોનું પ્રસારણ કરશે.

# SECRETARY-REVIEW

આકાશવાણી અને દૂરદર્શન આવતીકાલે 26મી જાન્યુઆરીએ કર્તવ્ય પથથી 76મા પ્રજાસત્તાક દિવસની પરેડના જીવંત પ્રસારણ માટે સંપૂર્ણ રીતે સજ્જ છે. આ પરેડનું પ્રસારણ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક પર, WAVES OTT પ્લેટફોર્મ સાથે કરવામાં આવશે. માહિતી અને પ્રસારણ મંત્રાલયના સચિવ સંજય જાજુએ આકાશવાણી અને દૂરદર્શન દ્વારા જીવંત પ્રસારણ માટેની વ્યવસ્થાની સમીક્ષા કરી હતી.

શ્રી જાજુએ આકાશવાણી અને દૂરદર્શનની ટીમના પ્રયાસોની પ્રશંસા કરતા કહ્યું કે, દરેક વ્યક્તિ આ મહત્વપૂર્ણ રાષ્ટ્રીય પર્વના પ્રસારણને સુનિશ્ચિત કરવા કામ કરી રહી છે. તેમણે કહ્યું કે પ્રજાસત્તાક દિવસની પરેડનું અવિરત પ્રસારણ સુનિશ્ચિત કરવા માટે કેમેરા અને ઓપ્ટિકલ ફાઈબર લાઈનો ગોઠવવામાં આવી છે.

## REPUBLIC DAY SPECIAL GUEST

રાષ્ટ્રીય કાર્યક્રમોમાં જનતાની ભાગીદારી વધારવાના સરકારના પ્રયાસોના ભાગ રૂપે આવતીકાલે નવી દિલ્હીમાં કર્તવ્ય પથ ખાતે 76મા પ્રજાસત્તાક દિવસની પરેડ જોવા માટે લગભગ દસ હજાર ખાસ મહેમાનોને આમંત્રિત કરવામાં આવ્યા છે. આમંત્રિત મહેમાનોમાં ડિઝાસ્ટર મિત્ર સ્વયંસેવકો, આશા કાર્યકરો, ખેડૂત ઉત્પાદક સંગઠનોના ખેડૂતો, પીએમ કિસાન સન્માન નિધિના લાભાર્થીઓ, માય ભારત સ્વયંસેવકો અને અન્ય લોકોને પણ આમંત્રણ અપાયું છે.

આકાશવાણી સાથે વાત કરતા, આશા કાર્યકર મીના બેનેએ જણાવ્યું કે આશા કાર્યકરને ઘણીવાર તેમના વિસ્તારમાં ઓછું મહત્વ આપવામાં આવે છે, પરંતુ તેમનું માનવું છે કે આવા કાર્યક્રમોમાં આમંત્રિત થવાથી તેમને વધુ ઓળખ મળશે અને જાગૃતિ આવશે

# INDIA-INDONESIA DIALOGUE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપ્રમુખ પ્રબોવો સુબિયાન્ટો આજે નવી દિલ્હીમાં સંવાદ કરશે. બંને નેતાઓ દ્વિપક્ષીય સંબંધોની વ્યાપક સમીક્ષા કરશે અને પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરશે. વાતચીત પછી ઘણા કરારો પર હસ્તાક્ષર થવાની શક્યતા છે. ઉલ્લેખનીય છે કે રાષ્ટ્રપ્રમુખ પ્રબોવો સુબિયાન્ટો ગુરુવારે ચાર દિવસની ભારત મુલાકાતે નવી દિલ્હી પહોંચ્યા હતા..

# Maha Kumbh- Crowd Management

અને હવે મહાકુંભના સમાચાર સાંભળીએ....

(મ્યુઝીક સ્ટાર્ટ)

ઉત્તર પ્રદેશ સરકારે 29 જાન્યુઆરીએ મૌની અમાવસ્યાના અવસર પર મહા કુંભમેળામાં લગભગ દસ કરોડ શ્રદ્ધાળુઓ પહોંચશે તેવી આશા વ્યક્ત કરી, જેને ધ્યાનમાં રાખીને, રાજ્ય સરકાર ટ્રાફિક અને ભીડના અસરકારક સંચાલન માટે વ્યાપક પગલાં લઈ રહી છે. મહાકુંભ મેળાને પાંચ વિભાગો અને 25 ક્ષેત્રોમાં વહેંચવામાં આવ્યો છે. મૌની અમાવસ્યા માટે ભક્તોની સલામત અને અવિરત અવરજવર સુનિશ્ચિત કરવા માટે વહીવટીતંત્ર સંપૂર્ણ તૈયાર છે

મહાકુંભ અંગે ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે પણ ખુશી વ્યક્ત કરી

(બાઈટ- જગદીપ ધનખડ)

# MAHAKUMBH-DRONE SHOW

મહાકુંભ મેળામાં ગઈકાલથી ત્રણ દિવસનો ડ્રોન શો શરૂ થયો છે. રાજ્યના પ્રવાસન વિભાગ દ્વારા આયોજિત આ શોમાં રાત્રિના આકાશમાં અદભુત જીવંત દ્રશ્યો બનાવતા સેંકડો ડ્રોન દર્શાવવામાં આવ્યા હતા. અમૃત કળશ અને સમુદ્ર મંથન સાથે દેવતાઓનાં ચિત્રણએ પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

ડ્રોન શોએ મહાકુંભના આધ્યાત્મિક અને સાંસ્કૃતિક સારનું સુંદર રીતે ચિત્રણ કર્યું, જે પ્રેક્ષકો પર એક અવિસ્મરણીય છાપ છોડી ગયું છે.

(મ્યુઝીક એન્ડ...............)

# ASHWINI VAISHNAW ON WEF

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે વિશ્વાસ અને પ્રતિભા એ બે સૌથી મહત્વપૂર્ણ પરિબળો છે જે વિશ્વને ભારત તરફ આકર્ષિત કરે છે. સ્વિટ્ઝર્લેન્ડના દાઓસમાં વિશ્વ આર્થિક મંચ WEF ખાતે મીડિયા સાથે વાત કરતા શ્રી વૈષ્ણવે કહ્યું કે, હાલમાં વિશ્વ જે વિક્ષેપો અને સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે છતાં, ભારત એક ખૂબ જ વિશ્વસનીય દેશ તરીકે ઉભરી આવ્યું છે. તેમણે કહ્યું કે, ભારતે વિશ્વને સ્પષ્ટપણે દર્શાવ્યું છે કે, કોઈ પણ પરિસ્થિતિમાં, તે એક એવો દેશ છે જે શાંતિ, દરેક માટે વિકાસ અને સમાવેશી વિકાસમાં માને છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છોઆ સમાચાર . આપ અમારીYoutube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશોવધુ . સમાચાર માટેઅમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# HP-STATEHOOD DAY

હિમાચલ પ્રદેશ આજે રાજ્યનો 55મો સ્થાપના દિવસ ઉજવી રહ્યું છે. વર્ષ 1971માં આ દિવસે, હિમાચલ પ્રદેશ 18મા રાજ્ય તરીકે વિભાજીત થયું હતું અને તેને પૂર્ણ રાજ્યનો દરજ્જો મળ્યો હતો. અમારા સંવાદદાતાના જણાવ્યા અનુસાર કાંગરા જિલ્લાના બૈજનાથ ખાતે રાજ્ય સ્તરના સમારોહનું આયોજન કરાયું છે જ્યાં મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુખુ રાષ્ટ્રધ્વજ ફરકાવશે. આ પ્રસંગે, મુખ્યમંત્રી બૈજનાથ 70 કરોડ રૂપિયાથી વધુની વિકાસ પરિયોજનાઓનું ઉદ્ઘાટન પણ કરશે.

# NATIONAL VOTERS' DAY

દેશભરમાં આજે 15મો રાષ્ટ્રીય મતદાતા દિવસ ઉજવવામાં આવી રહ્યો છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ નવી દિલ્હીમાં યોજાનાર મુખ્ય કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે કેન્દ્રીય કાયદા અને ન્યાય મંત્રી અર્જુનરામ મેઘવાલ, મુખ્ય ચૂંટણી કમિશનર અને ચૂંટણી કમિશનરો પણ ઉપસ્થિત રહેશે. કાર્યક્રમમાં વિવિધ દેશના ચૂંટણી વ્યવસ્થાપન સંસ્થાઓના પ્રતિનિધિઓ અને વડાઓ પણ ભાગ લેશે.

દરમિયાન, રાષ્ટ્રપતિ મુર્મુ ચૂંટણીઓ સુચારુ રીતે યોજવા બદલ રાજ્ય અને જિલ્લા અધિકારીઓને પુરસ્કારો એનાયત કરશે.

# CHESS-JOHOR OPEN

ભારતીય ગ્રાન્ડમાસ્ટર ઇનિયન પનીરસેલ્વમે મલેશિયામાં ૭મી જોહર આંતરરાષ્ટ્રીય ઓપન ચેસ સ્પર્ધાનો ખિતાબ જીત્યો છે. ગઈકાલે પૂર્ણ થયેલી સ્પર્ધાના નવમાં રાઉન્ડમાં તમિલનાડુના 22 વર્ષીય ગ્રાન્ડમાસ્ટર પનીરસેલ્વમે 8.5 પોઈન્ટ મેળવ્યા હતા. ઈનિયાને શાનદાર પ્રદર્શન કરી અને છેલ્લા રાઉન્ડમાં વિયેતનામના જી.એમ.ગુયેન વાનને હરાવ્યા હતા.

# CRICKET

ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે પાંચ મેચની T 20 ક્રિકેટ શ્રેણીની બીજી મેચ આજે ચેન્નાઈના ચિદમ્બરમ સ્ટેડિયમમાં રમાશે. આ મેચ સાંજે સાત વાગ્યે શરૂ થશે. સૂર્યકુમાર યાદવની કપ્તાની હેઠળ, ભારતીય ટીમ શ્રેણીમાં 1-0થી આગળ છે.

ઉલ્લેખનીય છે કે બુધવારે કોલકાતામાં રમાયેલી પહેલી મેચમાં ભારતે ઇંગ્લેન્ડને 7 વિકેટે હરાવ્યું હતું.

# TATA STEEL CHESS

ટાટા સ્ટીલ ચેસ ટુર્નામેન્ટ 2025ના છઠ્ઠા રાઉન્ડમાં ગઈકાલે નેધરલેન્ડ્સના વિજક આન ઝી ખાતે સ્પર્ધાનો મધ્યભાગ સમાપ્ત થયો. ઉઝબેકિસ્તાનના ખેલાડિ આ સ્પર્ધામાં આગળ છે, જ્યારે ભારતના આર પ્રજ્ઞાનંદ બીજા સ્થાને છે અને ડી ગુકેશ ત્રીજા સ્થાને છે.

# IMD WEATHER

ભારતીય હવામાન વિભાગે આજે હિમાચલ પ્રદેશ અને પંજાબના કેટલાક ભાગોમાં શીતલહેરની આગાહી કરી છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, પશ્ચિમ બંગાળ, પૂર્વ ઉત્તર પ્રદેશ, સિક્કિમ અને બિહારમાં આજે રાત્રે અને વહેલી સવારે ગાઢ ધુમ્મસ છવાયું રહેશે. આગામી બે દિવસ સુધી ઓડિશા, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં પણ આવી જ સ્થિતિ રહેશે. દરમિયાન, આગામી 2-3 દિવસ દરમિયાન મધ્ય ભારતમાં લઘુત્તમ તાપમાનમાં 2 થી 3 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની સંભાવના છે.

# TRIPURA-STARTUP POLICY

ત્રિપુરાના મુખ્યમંત્રી માણિક સાહાએ જણાવ્યું કે દેશ અને રાજ્ય ત્યારે જ પ્રગતિ કરશે જ્યારે યુવાનો આગળ વધશે. તેમણે યુવાનોને દેશ અને રાજ્યની વાસ્તવિક સંપત્તિ ગણાવી હતી. તેઓએ ગઈકાલે અગરતલાના પ્રજ્ઞા ભવનમાં ત્રિપુરા સ્ટાર્ટઅપ પોલિસી-2024 લોન્ચ કરી હતી.

આ પ્રસંગે શ્રીસાહાએ જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી હંમેશા યુવાનોની શક્તિ, નવીનતા અને આત્મનિર્ભરતા પર ભાર મૂકે છે જેથી તેઓ નોકરી સિવાય અન્ય માધ્યમો દ્વારા આજીવિકા મેળવી શકે. આ નીતિ સ્ટાર્ટઅપ ઉદ્યોગ સાહસિકતાના તેમના સ્વપ્નને  સાકાર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે જયેશ વેગડા

આજના તમામ અખબારોએ અલગ અલગ સમાચારને મુખ્યશીર્ષકમાં લીધા છે. સંદેશ લખે છે, મહારાષ્ટ્રની શસ્ત્ર ફેક્ટરીમાં વિસ્ફોટ, 8ના મોત.

નવગુજરાત સમયનું મુખ્યશીર્ષક છે, USમાં જન્મજાત નાગરિકતા અંગેના ટ્રમ્પના આદેશ સામે સ્ટે. ફૂલછાબે ‘વક્ફ ઉપર જેપીસી બેઠકમાં જોરદાર હંગામો- 10 વિપક્ષી સાંસદ સસ્પેન્ડ’ને મુખ્યશીર્ષક બનાવ્યું છે.

ગુજરાત સમાચાર લખે છે, અમેરિકામાં ગેરકાયદે વસાહતીઓની ધરપકડ, સેંકડોને તગેડ્યા.

દિવ્ય ભાસ્કર લખે છે, અમૂલે દૂધમાં 8 વર્ષમાં 16 રૂપિયા વધાર્યા બાદ પહેલી વખત એક રૂપિયાનો ઘટાડો કર્યો.

રાજસ્થાન પત્રિકા લખે છે, અમરિકાઃ ફેડરેલ કોર્ટ કા ફૈસલા ટ્રમ્પ કે નાગરિકતા આદેશ પર અંતરિમ રોક.

ગુજરાત સમાચાર છેલ્લા પાના પર લખે છે, દેશ-વિદેશના ચાહકોનું અમદાવાદમાં આગમન, અમદાવાદમાં આજથી કોલ્ડપ્લેનો હોટ ફીવરઃ 2 દિવસમાં 2 લાખથી વધુ પ્રેક્ષકો.

સંદેશ છેલ્લા પાના પર લખે છે, વર્ષ 24-25ના 6 મહિનામાં ગુજરાતમાં FDI મૂડીરોકાણમાં 72.5 ટકાનો વધારો.

નવગુજરાત સમય સ્થાનિક પાના પર લખે છે, UGCના નવા ડ્રાફ્ટમાં ઉદ્યોગ, વહીવટ કે જાહેર નીતિ અગ્રણીની કુલપતિ તરીકે પસંદગી ઘાતક સાબિત થશે.